

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સુખ-દુ:ખના સાથી, ભરોસાની કાંખ છૂટી ગઈ!*
*બંધાઈ'તી માંડ માંડ વિશ્વમાં, સાખ તૂટી ગઈ!*
*આંખ ફૂટી ગઈ ચાણક્યની દીર્ઘદૃષ્ટિ મદમાં -*
*'નાગરિકતા' ઉડાનમાં એક પાંખ તૂટી ગઈ!!*
*(હવે માત્ર 'ગૃહ' પ્રધાન ?!)*

હાઈકુ

*વેતરાયા, કે -*
*કાઠ હવા માપમાં ?*
*કદ પ્રમાણે ?!*
*(જે.પી. નડ્ડા હવે 'ફૂલ' ટાઈમ)*

*ઉડ્યું અંતર ?*
*કે અંતરે અંતર !*
*કે- કર્યું અંતર !*
*(અંતરાય?)*

### ચિંતન

**સમ્પાદિતાત્મા જિતાત્મા ભવતિ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

પોતાના કર્તવ્યોને જાણકારો, સમજનાર રાજા જ જિતાત્મા હોય છે.

શાસકોચિત સત્ય વ્યવહારનું જ્ઞાન મેળવનાર રાજા જ જિતેન્દ્રીય હોઈ શકે અને ત્યારે જ તે પોતાના કર્તવ્યોનું પાલન ચોક્કસપણે, અને યોગ્ય રીતે કરી શકે છે. મનુષ્યની સત્યનિષ્ઠા કે કર્તવ્યપરાયણતા જ એની જિતાત્મા હોઈ શકે છે.

સત્ય જ નીતિઓ સાર છે. નીતિનું સર્વસ્વ છે. સત્ય વિના મનુષ્યોના આત્મવિકાસ થતો નથી. જે કલ્યાણ કારી રાજય કરનારા રાજાઓ તથા શાસનાધિકારીઓ હોય છે. તેમને માટે અનિવાર્ય આવશ્યકતા સત્યદર્શન સૌ પ્રથમ અને મુખ્ય છે.

જે શાસનાધિકારીને પોતાની જાત પર, પોતાના સ્વભાવ પર, પોતાના ક્રોધ પર, પોતાની આદતો પર પકડ નથી હોતી, કાબૂ નથી હોતો તે પ્રજા પર શાસન કેવી રીતે કરી શકે ?

પોતાના કર્તવ્યો - ફરજ - આદર્શવાદી સત્ય સમજનાર જ સારો - સાચો શાસનકર્તા થઈ શકે છે.

### સુવિચાર

- ભલાઈ કરતે રહિયે બહતે પાની કી તરહ, બુરાઈ ખુદ હી કિનારે લગ જાયેગી કચરે કી તરહ - **ફેસબુક**
- બોલો નહિ, કરો, ઘોષણા નહિ સિદ્ધઇ - **શ્રી માતાજી**
- તમે જે એકઠું કર્યું છે તેના તમે ગુલામ બન્યા છે - **જે કૃષ્ણમૂર્તિ**
- વાસ્તવમાં જીવનમાં પ્રશ્નો છે જ નહિ, પ્રશ્નો તો આપણું પ્રતિબદ્ધ મન પેદા કરે છે. પ્રશ્નો નહિ પણ બદલાતી પરિસ્થિતિઓ હોય છે - **રોહિત મહેતા**
- શારીરિક રોગ મટાડવો એના કરતાં ચિત્તના રોગ મટાડવો વધારે મહત્ત્વ ધરાવે છે, કેમ કે ચિત્તની માંદગીને અસર કરીને રોગ પેદા કરે છે - **જીવન પાથેય**
- મસ્તિકનું બંધિયારપણું સૌથી ખરાબ વસ્તુ છે, જીવનભર શિષ્યભાવમાં રહેવું જોઈએ - **સચ્ચિદાનંદ**
- આજનું ઔષધ : મીઠા અને હળદરની પાણીમાં પેસ્ટ બનાવી મૂઢમારની જગ્યાએ લગાડવાથી પીડા મટે છે અને સોજો ઉતરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સિદ્ધરાજ જયસિંહે દરેક ધર્મના વિદ્વાનોને ખાસ આમંત્રણ આપીને બોલાવ્યા હતા. સિદ્ધરાજે આ સભામાં એક પ્રશ્ન કર્યો. 'સૌથી સારો ધર્મ કયો ?' ધર્મચાર્યો જો પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે એણમ કહે તો રાજાને મન દુઃખ થાય અને રાજાનો ધર્મ શ્રેષ્ઠ છે એમ કહે તો પોતાનો ધર્મ ઝાંખો પડે. સૌ મુંઝાયા ત્યારે સિદ્ધરાજાએ હેમચંદ્રાચાર્યને પૂછ્યું. હેમચંદ્રાચાર્યે કહ્યું, 'હે રાજા, જેને પાળવો હોય તેને માટે દરેક ધર્મ સરખો જ શ્રેષ્ઠ છે પરંતુ જેને ધર્મ પાળવો નથી અને મારું - તારું કર્યા કરવુંછે તેને માટે ધર્મનું શું કામ છે? મારો ધર્મ અને તારો ધર્મ કર્યા કરવાથી શ્રેષ્ઠતા જ કયાં રહે છે? કોઈ ધર્મએ પારકાને દુઃખ દેવાનું કહ્યું નથી. કોઈ ધર્મમાં પારકાનું પડાવી લેવાનું કહ્યું નથી. કોઈ ધર્મમાં અસત્યનું આચરણ કરવું એમ શું કહેવામાં આવ્યું છે? આથી મહારાજ, આ ધર્મ સારો કે તે ધર્મ સારો એવો વિવાદ કરવો નકામો છે. ધર્મ એ તો પાળવા માટે છે, વિવાદ માટે નથી.' સિદ્ધરાજે પૂછ્યું, 'તો પછી એક સંપ્રદાય કરતાં વિશેષ જુદા છે એમ માનવાનું કારણ છે??' હેમચંદ્રાચાર્યે કહ્યું, 'આપણી એ દઢ માન્યતા ખોટી છે સંપ્રદાય એટલે મનને ભાવતી વાત. એક જણને શ્રીખંડ ભાવે અને બીજાને દૂધપાક ભાવતો હોય તો શ્રીખંડનું મૂલ્ય ઓછું નથી થતું. સંપ્રદાય એ તો ભિન્ન રૂચિ પોષવાનો પ્રયત્ન છે. ધર્મ - ધર્મરુપે બધા સંપ્રદાયોની માળામાં દોરાની જેમ પરોવાયેલો છે.'

# ગાંધી વિચાર સામે પ્રશ્નાર્થો

**તંત્રીસ્થાનેથી...**

નાગરિકતા સંશોધન કાનૂન સામે રાજયોમાં શરૂ થયેલો પ્રતિરોધ અટકવાનું નામ નથી લેતો. કોંગ્રેસ શાસિત રાજસ્થાનમાં આ કાનૂનની સામે પ્રસ્તાવ પસાર કરાયો છે તો વળી મમતા બેનરજીએ તો આ મુદ્દે શરુથી જ લડાયક વલણ અપનાવ્યું છે. કેરળમાં સામ્યવાદી સરકારે રાજય વ્યાપી માનવ શૃંખલા બનાવી આ કાનૂનનો વિરોધ નોંધાવ્યો છે. કેરળની મસ્જિદોમાં પહેલી જ વાર પ્રજાસત્તાક દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો છે અને શાળાઓમાં તથા મદરેસાઓમાં ભારતના બંધારણના આમુખનો મુખપાઠ કરાવી કેન્દ્ર સરકારના તથાકથિક સાંપ્રદાયિક અભિગમ વિરુદ્ધ જનમત જાહેર કર્ય છે. દરેક વિપક્ષી શાસન ધરાવતા રાજયમાં રાજયપાલની હાલત બહુ દયનીય બની રહી છે. રાજયપાલની ફરજ બંધારણીય વડા તરીકે રાજયમાં કેન્દ્ર સરકારની નીતિ મુજબ સતર્ક રહેવાની છે. આજે પરિસ્થિતિ એવી વિકટ બની રહી છે કે રાજયપાલો અને વિપક્ષી રાજય સરકારો એકબીજાની વિરુદ્ધ મોરચો માંડી બેઠેલ છે. કેટલીક બાબતો સુવાંગ રાજયો હસ્તક કરેલ હોવાથી કેન્દ્રને પણ આવા ખુલ્લા વિદ્રોહ સામે કામ પાડતાં તકલીફ થઈ રહી છે. કેન્દ્રના આદેશ કે સંસદ દ્વારા સર્વસંમતિથી પાસ થયેલા કાનૂનનો અમલ નહીં કરવા બદલ કેન્દ્ર રાજય સરકારને બરતરફ સુધ્ધાં કરી શકે છે. પરંતુ હાલના ભારેલા અગ્નિને ભડકાવવાનું કેન્દ્રને પરવડી શકે એમ નથી. ખાસ તો દેશની કોંગ્રેસ અને લેફટ સમર્થિત યુનિવર્સિટીઓની વિદ્યાર્થી આલમ જંગે ચડી છે. દિલ્હીમાં જામિયા વિસ્તારના શાહીન ભાગ ખાતે ભડકાઉ ભાષણો થઈ રહ્યાં છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી સહિત દેશની યુનિવર્સિટીઓમાં શિક્ષણકાર્ય કરતાં હાલની બંધારણીય સમસ્યા પરત્વે વધારે ચર્ચા થઈ રહી છે. એની અસર દુનિયાના અન્ય દેશોએ પણ ઝીલી છે. યુરોપિયન યુનિયને મોદીની બ્રસેલ્સ યાત્રા પૂર્વે જ ભારતમાં ઊભી થયેલી પરિસ્થિતિ સામે લાલબત્તી ધરી છે અને લોકશાહી માટે આ રીતરસમ વિઘાયક હોવાની દહેશત વ્યક્ત કરી છે. આ તમામ આપદાઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ નાગરિકતા કાનૂનનો રાષ્ટ્રવ્યાપી અમલ કરાવવા પ્રતિબદ્ધ છે. પ્રજાસત્તાક દિન નિમિત્તે રાજપથ પર દેશની સૈન્ય શક્તિના પ્રદર્શન વખથે રાજયો સાથેની તકરાર ઊડીને આંખે વળગે એ હદે વ્યક્ત થઈ છે. પ. બંગાળ અને કેરળ જેવાં રાજયોને એમના ટેબલો સામેલ કરવાની પરવાનગી નહોતી અપાઈ એમાં સીધું જ વૈમનસ્યનું રાજકારણ વરતાય છે. ગુજરાતના રાજયપાલ પ્રજાસત્તાક દિવસે 'એટ હોમ' ઉત્સવમાં એમના પ્રજાજોગ ભાષણમાં શહીદોની વાતો તો કરે છે પરંતુ રાષ્ટ્રપિતાનું નામ લેવાનું ચૂકી જાય છે. રાષ્ટ્રભક્તિના ગીતોની રમઝટમાં પણ કયાંક ગાંધી નહેરુનું નામ ભૂલતીય ન આવી જાય એવાં ગીતો સંભળાવાય ત્યારે શું સમજવું ? એક સ્પષ્ટ એજન્ડા સાથે કેન્દ્રીય નેતાગીરી આગળ વધી રહી છે અને રાજયપાલો એ નીતિનું નિર્વહન કરી રહ્યા છે એવું નથી લાગતું? પદ્મ સન્માનોમાં પણ એનડીએના નેતાઓના નામ મોખરે રહ્યાં છે, જેથી ગાંધી હત્યાના કાવતરાના ભારેલા અગ્નિને ધૂંધવાતો અટકાવી શકાય - અલબત્ત, ગુજરાતમાંથી સ્થપતિ બાલકૃષ્ણ દોશી, નાટ્ય કલાકારો યઝદી કરંજિયા અને સરિતા જોષી કે હાસ્યકાર શાહબુદ્દીન રાઠોડની પસંદગી સામે ભાગ્યે જ કોઈ આંગળી ચીંધી શકશે. જો કે સાહિત્યક્ષેત્રે ઘણી વધારે લાયક પ્રતિભાઓ ઉંમરના ઓવારો પહોંચી ગઈ હોવા છતાં પોંખાવી બાકી છે, એ પણ નોંધવું રહ્યું. રચનાત્મક કાર્યો સાથે સંકળાયેલી ગાંધી વિચારની સંસ્થઆઓની બાદબાકી પણ ધ્યાન ખેંચે છે. ટૂંકમાં, દેશ કોઈ એવી દિશા તરફ વળી ગયો છે જે ગાંધીના આત્માને ગમે નહીં.

# દેજે દેજે અબુધ શિશુને, તું જ સદાબુદ્ધિ દેજે, રહેજે રહેજે અમ પર સદા તું પ્રસન્ના જ રહેજે...

અજવાળું - અજવાળું
તુષાર જોશી



દેજે દેજે અબુધ શિશુને
તું જ સદાબુદ્ધિ દેજે,
રહેજે રહેજે અમ પર સદા
તું પ્રસન્ના જ રહેજે...

અરબી સમુદ્રના કાંઠે આવેલા દક્ષિણ ગુજરાતના પ્રવાસન અને આધ્યાત્મિક ક્ષેત્રે જાણીતા તીથલના દરિયા કિનારે આ પંક્તિઓ ગવાઈ રહી છે. સાનિધ્યછે જૈન ધર્મના જાણીતા અને બંધુ ત્રિપુટીઓ સર્વશ્રી પૂજ્ય કિર્તીચંદ્રજી મહારાજ, પૂજ્યશ્રી મુનીચંદ્રજી મહારાજ, પૂજ્યશ્રી જીનચંદ્રજી મહારાજ અને પૂજ્ય બહેન મહારાજ તથા પૂજ્ય સાધ્વીશ્રી રમ્યકિર્તીશ્રીજીનું.... ૧૯૯૦ના વર્ષથી આ એમના સાંનિધ્યમાં જવાનું થાય, ભક્તિ સંગીત, પુસ્તક કે સ્મરણીકા સંકલન થાય, સરસ્વતી મંત્ર સાધના શિખરમાં સરસ્વતી મંત્ર આરાધના વિધિવિધાન સાથે થાય... ત્રણ દાયકા દરમિયાન વીતાવેલા કેટકેટલા દિવસો અને સંગીતનું વાતાવરણ આજે સ્મરણ પર દરિયાના મોજાની જેમ છવાયું કારણ કે વસંતપંચમી આવી.

દેવી ભાગવત અને બ્રહ્મવૈવર્તક પુરાણમાં ઉલ્લેખ છે તે મુજબ શ્રીકૃષ્ણે પહેલીવાર સરસ્વતી પૂજન વસંત પંચમીએ કર્યુ હતુ.

જ્ઞાનની અધિષ્ઠાત્રી અને કલાની દેવી મા સરસ્વતીનો આજે જન્મદિવસ છે. એક અર્થમાં વસંત પંચમીથી માનવીના જીવનમાં કલાની આરાધનાનો, એના વિવિધ સ્વરુપોથી સભર થવાનો વિશેષ જાગૃતિ સાથે પ્રયાસ થાય છે.

મા સરસ્વતીના અનેક નામો છે, જેમ કે શતરૂપા, શારદા, વાગેશ્વરી, વાગ્દેવી... શુક્લવર્ણા, શ્વેત વસ્ત્રધારિણી, વીણાવાદક અને શ્વેત પદ્માસના સ્વરુપ છે. એમનું વાહન હંસ અને મોર છે. વિદ્યા અને બુદ્ધિની દાતા છે સરસ્વતી.

પ્રણો દેવી સરસ્વતી
વાજેભિર્વજિનીવતી
ધીના મણીત્રયવતુ

અર્થાત તે પરમ ચેતના છે. બુદ્ધિ-પ્રજ્ઞા અને મનોવૃત્તિઓનું રક્ષણ કરે છે. એના સ્વરુપ દર્શનમાં ચહેરા પરનું હાસ્ય ઉલ્લાસ, વીણા કલાના સ્વરુપો, પુસ્તક રૂપે જ્ઞાન માળાથી સાત્વિકતાનો બોધ મળે છે.

અભ્યાસ કરતા એવી નોંધ મળેછે કે જાપાન-થાઈલેન્ડ-ઈન્ડોનેશિયા જેવા કેટલાક દેશોમાં પણ સરસ્વતી પૂજનનો મહિમા રહ્યોછે.

વસંત ઋતુમાં હવા શુદ્ધ હોય છે. ધ્યાન-પ્રાણાયામ માટેની પણ આ વિશેષ ઋતુ છે. વસંત એટલે માધ ઉત્સવ. વસંત એટલે કૂંપણ ફુટવાનો ઉત્સવ. વસંત એટલે રંગબેરંગી ફૂલોનો અને કોપલના ટહુકાનો ઉત્સવ.

શ્રીમદ ભગવદ ગીતામાં અધ્યાય દસમા શ્રીકૃષ્ણ કહે છે. ઋતુઓમાં હું વસંત ઋતુ છે. ગુજરાતી - હિન્દી અને સંસ્કૃત સહિતની અનેક ભાષાઓના કવિઓએ વસંત ઋતુનું વર્ણન એમની રચનાઓમાં કર્યું છે. કાલિદાસ મેઘદુત અનો ઋતુસંહારમાં, ભવભૂતિના ઉત્તાર રામચરિતમાં ઋતુઓમાં વર્ણનો છે. હિન્દીના પ્રસિદ્ધ કવિ નિરાલા તો વસંત પંચમીને પોતાના જન્મ દિવસ તરીકે ઉજવતા એવું કયાંક વાંચ્યું છે. ગુજરાતી કવિ ઉમાશંકર જોષી લખે છે.

કોકિલ પંચમ સૂર બોલો, રે પંચમી આવી વસંતની.



વસંતઋતુ ઈશ્વરનું વરદાન છે. ચારે તરફ હર્યા-ભર્યા વૃક્ષો અને ફૂલો જોવા મળે એટલે આપણું સમગ્ર અસ્તિત્વ પ્રસન્નતા પામે. ઠંડી હવા સુગંધ પ્રસરાવે જે તાજગી આપે છે. ગુલમહોરને ગરમાળો અને કમળ ખીલે છે. ગુલમહોરને ગરમાળો અને કમળ ખીલે છે જે આપણને ખુલવાનો અને દુઃખોને સંકોરવાનો સંકેત આપે છે.

વસંત એટલે પ્રકૃતિના નવજીવનની ઋતુ. નવી હવા - ના અંકુરો - નવા પર્ણો - નવા પુષ્પો અને નવી સુગંધોથી વાતાવરણ તરબતર બને છે. નવો પાક ઉગે છે પશુ-પક્ષી જગતમાં ઉત્સાહ અને ઉલ્લાસ પ્રસરે છે. મૌસમ મનોહર બને છે. એથી તો વસંતનો ઋતુરાજ વસંત કહે છે.

ચારણી સાહિત્યનો એક છંદમાં લખાયું છે

મધુકૂંજ ફહેરે, અંબ મહેરે
મહક દહેરે મંજર।
કોકિલ કહેરે, શબદ સહેરે
કૂંજ લહેરે મધુકર।
સર કુસુમ બહેરે, ઊર ન સહેરે
પ્રીત ઠહેરે પદમણી
રઢરાણ હિમ્મત વળ્યે અણરત.
ધરણ સર માતર - ઘણી...

# આપણે બધાં શાણા દેખાઈએ છીએ પણ ઊંડે-ઊંડે આપણે બધાં 'એબનોર્મલ' છીએ

વિચારયાત્રા
ડો. જય ઓઝા



આપણે હંમેશ એ માન્યુ હતું,
કે બદલવું શક્ય રાતો રાતઃ
ને જરા ઓઢી લીધો ચહેરો જુદો
ને પુરાણી લાગણી કોરે મૂકી,
વસવસો જેનો હતો એ સૌ વિસારી લ્યો,
નવા પાને નવેસરથી ઘૂંટ્યો આ એકડો,
પણ રહે એવું હજું, કોઈ છલના તણું જ્યાં ના ગજું..
ધારો,
તમે આંખો સાવ કાળા ચશ્મા વડે,
ને જરા જુદો ચડાવ્યો વેશ,
ચાલ પણ એવી દીધી બદલી કે કળે ન કોઈ,
ને છતાંયે કોઈ તો એવું
છેતરાતું ના કદી આચ્છાદનોથી,
કે નવા લહેકાથી માંડો વાત,તો ના ભોળવાતું
જો અજાણ્યા હોય તો,
અળગા ખસેડી ચાલીએ
જે પરંતુ ના બદલાત કોઈ દી
કોઈ છુપાઈ શક્યું છે આ બધાથી, કહો કદી?
-એલિઝાબેથ જેનિંગ્સ

'સાંચ ન આંચ નહીં'' , સત્યમેવ જયતે આવા સૂત્રો સ્કૂલની દિવાલો પર લખેલા જોવા મળે છે, સરકારી કચેરીઓની દિવાલો પર રક્ત-પ્રવાહીનાં છાંટણાંની જેમ જ ફેકાયેલાં જોવા મળે છે, ઈમાનદારી, ઉદારતા, સચ્ચાઈ, કર્તવ્યપરાયણતા, અનુશાસન, ભલમનસાઈ... આ બધું બોગસ છે, શાળામાં બાળકને નિબંધ લખાવતી વખતે આવા શબ્દો મહામહેનતે યાદ કરીને લખાણ અલંકૃત કરવા માટે લખાવવા પડે છે,માટે લખાવીએ છીએ.

નિખાલસતા સભર ચહેરાને ઉતરડી નાખનારો સમાજ,અને તેની સ્વાર્થી રીત-રસમો નક્કી કરનારા લંપટો ઉપર જણાવેલા મૂલ્યયુક્ત વ્યવહાર પ્રમાણે ચાલનારને ધક્કે ચડાવે છે.૧૦૦ ટકા શુદ્ધ હવે પચતું નથી. એ પછી તેલ-ઘી હોય કે ઈમાનદારી-સચ્ચાઈ હોય. બધું ભેળસેળ યુક્ત હોય તો જ પચે છે. કોરું સત્ય અને શુદ્ધ ઘી હવે આપણાં મન અને શરીરને માફક આવતાં નથી.

નાના હતાં ત્યારે પ્રામાણિકતાની જે વ્યાખ્યા ભણ્યા હતા,સમજ્યાં હતા, તે ઉંમરના મધ્યાંતરે બદલાતી લાગે છે.લાગે છે શું...બદલાઈ જ ગઈ છે.સમય બદલાયો છે,એમ બૂમો મારીએ છીએ પરંતુ 'સમય નથી પસાર થતો આપણે પસાર થઈ જઈએ છીએ.તે અમિટ સત્ય આપણે ભૂલી જઈએ છીએ.

છાશવારે એવું કહેતા રહીએ છીએ કે સમાજ બદલાઈ ગયો છે,પરંતુ સમાજ આપણા થકી જ બનતો હોય છે,તે પાછું વિસ્મરી જઈએ છીએ.

બાળપણમાં આપણને પપ્પાએ પરીક્ષામાં ખંતથી જેટલું આવડે એટલું મન દઈને લખવાની સલાહ આપી હોય છે, તે પછી આપણે જ્યારે અત્યારે પિતાની ભૂમિકામાં આવીએ ત્યારે આપણા સંતાનને કહીએ છીએ કે ''બેટા યેનકેન પ્રકારેણ મેરીટમાં આવવાનું છે.વાક્યરચનાઓ બદલાય છે,અને કહેવાનો છૂપો ભાવાર્થ શું થાય તે આપણે સહું જાણીએ છીએ.આ બધુ સ્વાભાવિક થઈ ગયું છે.

કોઈને છેતરી લીધા પછી જો સાંગોપાંગ આબાદ છટકી જઈએ તો તે કુશળતામાં ખપે છે. કેમેરાની નજરે ચડ્યા વિના, વગર હેલ્મેટે ઘરે આવી જવું એ હોંશિયારી છે. રખેને એવું સમજતા કે જે પરીક્ષામાં ચોરી નથી કરતો કે જે ખટપટ નથી આચરતો તે પ્રામાણિક જ છે. એવું જરાય નથી. એ તો ભાઈસાહેબને મોકો નથી મળતો અથવા તો હિંમત નથી થતી..તેના મનમાં કીડાં તો ઘણા સળવળતા હશે પણ થઈ નહીં શકતુ હોય. ન છૂટકે પ્રામાણિકતા આચરનારા દંભીઓ પણ કંઈ ઓછા નથી પડ્યાં આ દુનિયામાં...

'વૈષ્ણવજન તો તેને રે કહીએ,પરસ્ત્રી જેને માત રે..'' વાળી દુનિયા આપણે બદલી નાખી છે. આજે દિકરા કે દિકરીના કેટલાં બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ છે,તેના આધારે તો તેનુ સ્ટેટસ નક્કી થતું હોય છે.

દુનિયા કે સમાજ બદલાયો નથી આપણે બદલાઈ ગયાં છીએ..અહીં શ્રદ્ધાના નામે મૂર્ખતા વિવેકના નામે કાયરતા અને સફળતાના નામે નીચતા દરેક વ્યક્તિના મોઢા ઉપર ફેવીક્વિકથી લાગેલી છે.

એક લાશ બીજી લાશને આ ઘરેડમાં ઢાળવાનું કામ ખૂબીપૂર્વક કરી જાણે છે.આપણે બધાં શાણા દેખાઈએ છીએ પણ ઊંડે-ઊંડે આપણે બધાં 'એબનોર્મલ' છીએ.

હવે ઈમાનદારી ભ્રષ્ટતામાં ખપે છે,પૌરુષપણું નપુંસકતામાં ખપાવાય છે.ઉદારતા વેવલાવેડામાં મર્જ કરી દેવાઈ છે. સાચો પ્રેમ જૂઠ્ઠાણું ગણાવાય છે.

બીજાના અહિત વગર આપણુ હિત થવાનું જ નથી,એ સિદ્ધાંતને જ માન્ય રાખીને જૂઠના વરખવાળું સત્ય,અનીતિની ચાસણીવાળી નૈતિકતા,દંભથી લપેટાયેલું મુક્ત હાસ્ય, લાલચથી ભરેલી સહાયતા,ક્રૂર આશયના મહોરાવળી કરુણા આ બધાને જીવનનો જરુરી એવ અસબાબ આપણે મની બેઠા છીએ અને સ્વાર્થ વગરની કરુણા, નૈતિકતા, હાસ્ય એ મૂર્ખનો શણગાર છે,તેવું આપણે માની લીધું છે.

આપણે એટલાં બધાં મ્હોરાઓની અદલાબદલી કરી છે કે, સ્વપરિચય,આત્માનું ભાન જેવું કશું રહ્યું જ નથી.અને માટે જ આરંભે ટાંકેલી એલિઝાબેથ જેનિંગ્ઝની કવિતા મૂકી છે,કે કદાચ વળી આ કવિતાના શબ્દો આપણને ઢંઢોળે..

- jayuoza@gmail.com
Mo.9898046488

# ત્યારે શિવાજીના મુખમાંથી શબ્દો સરી પડ્યા હતા 'ગઢ આલા પર સિંહ ગેલા...'

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com



છેલ્લાં થોડા સમયથી બોલીવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઐતિહાસિક ફિલ્મોની ભારે બોલબાલા જોવા મળી છે. છેલ્લા એકાદ બે દાયકામાં આ ઉપક્રમ ઋત્વિક રોશન અને ઐશ્વર્યા રાય અભિનિત 'જોધા અકબર'થી માંડીને 'તાનાજી - ધ અનસંગ વોરિયર' સુધી આવીને ઊભો છે. ઐતિહાસિક પાત્રો ઉપર આધારિત ફિલ્મો ધુમ એટલે મચાવે છે કે, ઈતિહાસના પાને ધરબાયેલી કથાઓ જીવંત બનીને રૂપેરી પરદે ઈતિહાસને ન માત્ર ખડો કરી દે છે બલ્કે પૌરાણિક સત્ય ઘટનાઓ અને એ જમાનામાં દેખાતા ઐતિહાસિક સ્થળોનો નજારો લોકોને અભિભુત કરે છે. આમ પણ બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં કોઈ એક બાબત ફીટ થઈ જાય છે પછી અનેક લોકો તે દિશામાં વિચારતા થઈ જાય છે. એવું જ બન્યું છે ઐતિહાસિક ફિલ્મોની બાબતમાં.

અજય દેવગણ અને કાજોલ અભિનિત 'તાનાજી - ધ અનસગ વોરીયર' સિલ્વર સ્ક્રીન પર રજૂ થઈ. લોકોએ ઉમળકાભેર આ ફિલ્મને માણી. સોશ્યલ મીડિયા ઉપર લોકોએ તાનાજી ફિલ્મને કમસે કમ એકવાર જોવાલાયક ફિલ્મ તરીકે નવાજી છે. લોકોએ એમ પણ અભિપ્રાય આપ્યો કે, શરૂઆતમાં થોડો સમય ફિલ્મ કંટાળાજનક છે પણ સમગ્ર રીતે જોતાં ફિલ્મની વાર્તા, અજય દેવગણ અને સૈફ અલિ ખાનની અદાકારી અને ટેકનિકલ પાસુ જોરદાર છે. જો કે એ વાત પણ એટલી જ સાચી છે કે, દાયકા પૂર્વેની અદભુત અદાકારા કાજોલના નવ વર્ષ પછીના આ કમબેક ઉપર સોશ્યલ મીડિયા પર લોકોએ પ્રમાણમાં ઓછી પ્રતિક્રિયા આપી છે.

મહારાષ્ટ્રની દંતકથાઓ અને માલુસરે પરિવારની પાસે ઉપલબ્ધ વિગતો વચ્ચે સંતુલન બનાવતી આ ફિલ્મ અજય દેવગણનો નવો અવતાર તરીકે માઈલ સ્ટોનરૂપ પૂરવાર થઈ રહી છે. તાનાજી ફિલ્મનું સૌથી મોટું જમા પાસું એની ટેકનિકલ વિશેષતા છે. વિદેશથી બોલાવવામાં આવેલા સિનેમેટોગ્રાફર અને બોલીવુડના ટેકનિકલ તજજ્ઞોની ટીમે મળીને તાનાજી માલુસરેનો એવો સંસાર થ્રીડીમાં રૂપેરી પડદે ઊભો કર્યો છે કે, ભલે એ તમામ હોલીવુડની ફિલ્મોને ન પછાડી શકતી હોય પરંતુ એ ફિલ્મોથી એક તસુ પણ ઉતરતી કક્ષાની નથી લાગતી. તાનાજી ફિલ્મનું કથાનક છત્રપતિ શિવાજીના દરબારના એક સુબેદારની વાત છે. મોગલ સમ્રાટ ઔરંગજેબ ભારતના દક્ષિણ વિસ્તારમાં ન પ્રવેશી શકે એ માટે મરાઠાઓએ આપેલા પડકારને ફિલ્મમાં બખુબી પ્રસ્તુત કરાયો છે.

સંધાન ઘાટીમાં દોરડા ઉપર લટકીને હવામાં તરતા મરાઠા યોદ્ધાઓને ફિલ્મમાં જોઈને હોલીવુડની મશહુર ફિલ્મ 'થ્રી હંડ્રેડ' યાદ આવી જાય. ઢાલ અને તલવારો સાથે મરાઠા યોદ્ધાઓ 'થ્રી હંડ્રેડ' ફિલ્મથી ન ઉપર કે નીચે પરંતુ 'થ્રી હંડ્રેડ' ફિલ્મની ટક્કર લેતી હોય તેવું જરૂર લાગે. આ માટે અજય દેવગણ અને એની આખી પ્રોડકશન ટીમને સલામ કરવી પડે. અભિનયના દ્રષ્ટિકોણથી વાત કરવામાં આવે તો આ ફિલ્મમાં અજય દેવગણે એક ઉત્તમ અદાકાર તરીકે એની જાતને પ્રસ્થાપિત કરી છે. એણે એની આંખોથી ફિલ્મમાં ખૂબ અદભુત અભિનય કર્યો છે. પહેલી ફિલ્મ 'ફૂલ ઔર કાંટે'થી માંડીને ૯૯ ફિલ્મો પૂરી કરીને આ ફિલ્મથી અજય દેવગણે બોલીવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સદી કરી છે. એના અભિનયના ઓજસ કોઈપણ આસાનીથી અવગણી ન શકે. દિવસે દિવસે એની અભિનય કલામાં પરિપક્વતા અને મેચ્યોરિટીના દર્શન થતાં જાય છે.



નવ વર્ષો પછી રૂપેરી પડદે પતિ સાથે પુનરાગમન કરતી કાજોલનો અભિનય પણ અમીટ છાપ છોડી જાય છે. એવું સહેજે લાગે કે, કાજોલ જેવી સમર્થ અભિનેત્રીએ મિશન મંગલ, સાંઢ કી આંખ, છપાક જેવી ફિલ્મોમાં કામ કરવું જોઈએ. સૈફ અલી ખાનની વિલનગીરી ફિલ્મનું મજબુત પાસુ છે. જેમ 'પદમાવત'માં રણવીર સિંહે ખીલજીના પાત્રને જીવંત બનાવ્યું હતું તેવી જ રીતે સૈફ અલીએ 'તાનાજી'માં ઉદયભાણનું પાત્ર અદભુત પ્રસ્તુત કર્યું છે.

ઓમ રાઉત નિર્દેશિત 'તાનાજી - ધ અનસંગ વોરીયર' ફિલ્મ પહેલાં ૧૯૩૫માં વી. શાન્તારામે 'સિંહગઢ' નામની મરાઠી ફિલ્મમાં તાનાજીની શૌર્યગાથા રજૂ કરી હતી. ઓફકોર્સ એ જમાનામાં ટેકનિકલ પાસા વિકસીત થયા ન હોવાના કારણે 'તાનાજી - અનસંગ વોરીયર' જેટલી 'સિંહગઢ' ટેકનિકલી ઈફેક્ટિવ નહોતી બની શકી પરંતુ તાનાજીની વીરગાથા 'સિંહગઢ'માં વી. શાંતારામે સુંદર રીતે રજૂ કરવાની કોશિષ કરી હતી.

ભારત દેશ અનેક વીર યોદ્ધાઓના પરાક્રમ અને શૂરવીરતાની ગાથાથી ભરેલો પડ્યો છે. એમની શૂરવીરતાની કહાની દુનિયાભરમાં મશહૂર છે. આ નરબંકાઓએ ન માત્ર શૌર્ય જ દેખાડ્યું છે પરંતુ દેશ માટે હસતાં હસતાં ફના પણ થઈ ગયા છે. ઈતિહાસના પાના ઉપર આવા ઘણા નામી-અનામી શૂરવીરોની સાહસ અને વીરતા ભરેલી વાતો અંકિત થયેલી છે. તાનાજી માલુસરે આવા જ એક વીર યોદ્ધા હતા. મહારાષ્ટ્રમાં આ નામ અબાલ વૃદ્ધ સૌ કોઈના માનસપટ ઉપર આજે પણ એટલું જ તરોતાજા છે. તાનાજી માલુસરેની સાહસ, બહાદુરી અને પરાક્રમની ગાથાઓ મહારાષ્ટ્ર બહાર દેશના બીજા વિસ્તારોમાં કદાચ એટલી જાણીતી નથી. તાનાજી છત્રપતિ શિવાજી મહારાજના બાળપણના સાથી હતા. શિવાજી પ્રતિ એમની નિષ્ઠા પ્રત્યેક સેનાપતિઓ - સુબેદારો માટે એક દ્રષ્ટાંતરૂપ હતી. શિવાજી મહારાજના અનેક યુદ્ધોમાં તાનાજી એમની પડખે ખડકની જેમ ઊભા રહ્યાં હતાં.

ઈ.સ. પૂર્વે ૧૬૦૦માં કોંકણ પ્રાંતમાં જન્મેલા તાનાજીને બાળપણથી જ તલવારો સાથે રમવાનો ગજબનો શોખ હતો. એમનો આ શોખ તેમને શિવાજી મહારાજની દોસ્તી સુધી લઈ ગયો. ફિલ્મમાં નથી બતાવી એવી એક અદભુત વાત એ પણ છે કે, તાનાજી અને શિવાજી ઔરંગજેબને જ્યારે મળવા ગયા ત્યારે આ મોગલ સમ્રાટે બન્નેને છળકપટથી બંદી બનાવી દીધા હતા. ઔરંગજેબની ચુંગાલમાંથી ચાલાકીપૂર્વક શિવાજી અને તાનાજી ભાગી છૂટ્યા હતા. શિવાજી અને તાનાજી મીઠાઈ અને ફૂલોના મોટા ટોપલામાં છુપાઈને ઔરંગજેબની નજર સામેથી ભાગી છૂટ્યા હતા એ જ વીરતા અને સાહસ સાથે એમની ચાલાકી અને સૂઝબુઝનો પુરાવો હતો. ઈતિહાસ ગવાહ છે કે, શિવાજી મહારાજ અને તાનાજીએ ઔરંગજેબને આખા ભારત ઉપર રાજ કરવાના મનસુબાને ચકનાચુર કરી નાખ્યા હતાં. શિવાજી મહારાજની તમામ યુદ્ધ યોજનાઓના પાયામાં તાનાજી માલુસરે રહ્યા હતા.

ઈતિહાસમાં ઉલ્લેખ છે કે, કોંઢાણાના ગઢ પર ચઢાઈ માટે શિવાજી મહારાજે જ્યારે તાનાજી માલુસરેને સંદેશો મોકલ્યો ત્યારે તાનાજીના પુત્રના વિવાહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી હતી. તાનાજીએ પળભરનો વિલંબ કર્યા વગર સંદેશ મળતાની સાથે એમના ચુનંદા સાથીઓને લઈને શિવાજી મહારાજને મળવા રાયગઢ જવા નિકળી પડ્યા. માતા જીજાબાઈએ તાનાજીને કોંઢાણા પર ચઢાઈ કરવા માટે જણાવતાં તાનાજી દીકરાના વિવાહની પરવા કર્યા વગર યુદ્ધની તૈયારીમાં લાગી ગયા. કોંઢાણા ગઢમાં થયેલા ભયંકર યુદ્ધમાં તાનાજી માલુસરે વીરગતિ પામ્યા. કોંઢાણા ગઢ મરાઠાઓએ જીતી તો લીધો પરંતુ તાનાજી માલુસરે જેવા યોદ્ધાને છત્રપતિ શિવાજીએ ગુમાવ્યા. મરાઠી લોકગીતોમાં એવા પણ વર્ણનો સાંપડે છે કે, તાનાજીની વીરગતી બાદ શિવાજી મહારાજ ૧૨ દિવસ સુધી કિલ્લામાંથી બહાર નહોતા નીકળ્યા. ૧૨ દિવસ સુધી શિવાજી મહારાજ તાનાજીની યાદમાં વિલાપ કરતાં રહ્યાં હતા. જ્યારે શિવાજી મહારાજને કોંઢાણા ગઢની જીતના સમાચાર આપવામાં આવ્યા ત્યારે એની સાથે સાથે તાનાજી માલુસરેની વીરગતીના પણ વાવડ જણાવવામાં આવ્યા. શિવાજી મહારાજના મુખમાંથી એ વખતે પહેલું વાક્ય એવું સરી પડ્યું કે, 'ગઢ આલા પર સિંગ ગેલા'. ગઢ તો આવ્યો પણ સિંહ ગુમાવ્યોના દર્દ સાથે કોંઢાણા ગઢનું શિવાજી મહારાજે નવું નામાભિધાન 'સિંહગઢ' કર્યું.

અનેક વીર યોદ્ધાઓની કથાઓમા 'મા ભારતી'ની મુક્તિ કાજે લડાયેલા અસંખ્ય યુદ્ધોના પાયામાં તાનાજી જેવા સાહસ અને શૌર્યથી ભરેલા વીર યોદ્ધાઓની રૂંવાડા ખડા કરી દેતી કહાની ધરબાઈને પડી છે. જ્યારે જ્યારે પણ ઐતિહાસિક અમરપાત્રોને ઉજાગર કરતી ફિલ્મો બને છે ત્યારે દેશની જનતાએ તેને ઉમળકાભેર પોંખી છે. એના મૂળમાં નાગરિકોની દેશભક્તિની

અનુસંધાન પાના નં ૭ પર